૭૩

અનુસૂચિત જાતિના ધોરણ ૧ થી ૭ માં અભ્યાસ કરતાં વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓને આપવામાં આવતી ગણવેશ સહાયમાં વધારો કરવા બાબત.

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃઅજાક/૧૦૨૦૧૧/ન.બા.૪૯/ગ
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ-૧૩-૪-૨૦૧૨.

<u>વંચાણે લીધાઃ-</u>

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા. ૧૬-૭-૨૦૦૫ નો ઠરાવ ક્રમાંકઃપીએમએસ/૧૩૦૫/૪૦૦/ગ

(૨) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા. ૪-૪-૨૦૧૧ નો ઠરાવ ક્રમાંકઃઅજાક/૧૦૨૦૧૧/૧૧૯/ગ

(૩) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતાનો તા. ૪/૧/૨૦૧૨ નો પત્ર ક્રમાંકઃઅજાક/ગ.૧/૧/ ૨૦૧૧-૧૨/૨૨

<u>ઠ રા વઃ-</u>

અનુસૂચિત જાતિના ધો. ૧ થી ૭ માં અભ્યાસ કરતાં વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓને ગણવેશ સહાય આપવા અંગેની યોજના અમલમાં છે. જે અન્વયે સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના વંચાણ હેઠળના ક્રમાંક (૨) પરના તા. ૪-૪-૨૦૧૧ ના ઠરાવથી અનુસૂચિત જાતિના પ્રાથમિક શાળામાં ભણતા વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓને રૂ. ૨૦૦/- ગણવેશ સહાય આપવામાં આવે છે. જેમાં વધારો કરવા અંગે વંચાણ હેઠળના ક્રમાંક (૩) પરના તા. ૪/૧/૨૦૧૨ ના પત્રથી નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણએ કરેલ દરખાસ્ત અંગેની બાબત વિચારણા હેઠળ હતી.

અનુસૂચિત જાતિના ધો. ૧ થી ૭ ના વિદ્યાર્થીઓને આપવામાં આવતી ગણવેશ સહાય રૂ. ૨૦૦/-ના બદલે ધો. ૧ થી ૮ ના વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓને રૂ. ૩૦૦/- કરવા તથા આ યોજના માટે વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓના વાલીની આવક મર્યાદા ગ્રામ્ય વિસ્તારમાં ૨૦,૦૦૦/- અને શહેરી વિસ્તારમાં રૂ. ૨૫,૦૦૦/- છે તેના બદલે ગ્રામ્ય વિસ્તારમાં ૨૭,૦૦૦/- અને શહેરી વિસ્તારમાં રૂ. ૩૬,૦૦૦/- કરવાનું નકકી કરવામાં આવે છે. અને આ માટે વર્ષ ૨૦૧૨-૧૩ ના અંદાજપત્રમાં કરવામાં આવેલ રૂ. ૧૦૫.૦૦ લાખની જોગવાઇનો ખર્ચ કરવા નીચેની શરતોએ આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

(૧) આ ખર્ચ તા. ૧/૪/૨૦૧૨ થી કરવાનો રહેશે.

(૨) નાણાં વિભાગ ધ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં રહીને સને

૨૦૧૨-૧૩ ના વર્ષની બજેટ જોગવાઇને આધીન રહીને ખર્ચ કરવાનો રહેશે.

(૩) જે હેતુ માટે બજેટ જોગવાઇ કરવામાં આવી હોય તે હેતુ માટે જ ખર્ચ કરવાનો રહેશે અને વર્ષ આખરે રહેતી બચત રકમ સરન્ડર કરવાની રહેશે.

(૪) આ યોજનાના લાભાર્થીઓની યાદી નિભાવવાની રહેશે.

(૫) ગણવેશ અંગેનો ડ્રેસ કોડ શિક્ષણ વિભાગ ધ્વારા નકકી કરાય તે મુજબ રાખવાનો રહેશે.

(૬) યોજનાની અન્ય શરતો યથાવત રહેશે.

(૭) આ યોજનાનો અમલ તા.૧-૪-૨૦૧૨ થી કરવાનો રહેશે.

આ અંગેનો ખર્ચ માંગણી ક્રમાંક:૯૨ મુખ્ય સદર ૨૨૨૫, અનુજાતિઓ,અનુ.આદિજાતિઓ અને અન્ય પછાત વર્ગોનું કલ્યાણ મુખ્ય પેટા સદર-૦૧ અનુસૂચિત જાતિઓનું કલ્યાણ, ગૌણ સદર-૨૭૭ શિક્ષણ, (૦૮) બીસીકે-૧૬ અનુસૂચિત જાતિ પેટા યોજના ગરીબી રેખા હેઠળના કુટુંબોના ધોરણ ૧ થી ૭ ના બાળકોને ગણવેશ માટે ખાસ સદર હેઠળ ઉધારવાનો રહેશે.

આ ઠરાવ આ વિભાગ ની સરખા ક્રમાંકની ફાઇલ પર અધિક મુખ્ય સચિવશ્રી(નાણા) ની તા.૨/૪/૨૦૧૨ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(શ્રીમતી એસ.આર. ભુરીયા)
ઉપ સચિવ,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,
- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતું, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- સર્વે જિલ્લા પછાત વર્ગ કલ્યાણ અધિકારીશ્રી(નિયામકશ્રી,અનુસૂચિત જાતિ કલ્યાણ મારફત)
- સર્વે જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી (નિયામકશ્રી,અનુસૂચિત જાતિ કલ્યાણ મારફત)

નકલ રવાના:-

- માન.મંત્રીશ્રી(સા.ન્યા.) ના અંગત સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(સા.શૈ.પ.વ.) ના અંગત સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર
- અગ્રસચિવશ્રી,સા.ન્યા.અને અ.વિ. ના અંગત સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી,અમદાવાદ/ગાંધીનગર.
- સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ.
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી (સા.ન્યા. અને અ.વિ.)સચિવાલય,ગાંધીનગર.
- સેકશન અધીકારીશ્રી, બજેટ/અ.૧, સા.ન્યા.અને અ.વિ.,સચિવાલય,ગાંધીનગર..